## શ્રાવણીયા જુગાર પર પોલીસનો સપાટો

# જિલ્લામાં ૧૦ દરોડામાં પોલીસે ૫૮ શકુનિઓ પકડ્યા

### ગ્રામ્ય વિસ્તારોમાં ૧૦ દરોડા પાડી દબોચી દેવાયેલા ૫૮ શખ્સો પાસેથી રૂ.૧૫.૭૦ લાખનો મુદ્દામાલ જપ્ત : ૯ આરોપીઓ ભાગી છુટવામાં સફળ

ગાંધીનગર, તા.૨

જિલ્લામાં એક તરફ શ્રાવણીયો જુગાર જામ્યો છે અને આઠમને પણ ગણતરીના કલાકો બાકી રહ્યા છે ત્યારે શ્રાવણીયા પાસેથી કુલ રૂ. ૧૫.૭૦ લાખનો મુદ્દામાલ જપ્ત કરી કડક કાર્યવાહી કરી છે.

મળતી માહિતી મુજબ કલોલ તાલુકા પીઆઈ નીરજ જે.જી.વાઘેલાની ટીમે ભાટ ગામના મહાકાળી મંદિરની પાછળ ખુલ્લેઆમ જુગાર રમતા ૪ શખ્સો રવિન્દ્ર ભાઈલાલ પટેલ, પ્રકાશ અમરત ઠાકોર, મીનેશ જીલુભા લાઈટના અજવાળે ખુલ્લેઆમ જુગાર રમતા ૧૯ શખ્સોને ઝડપી પાડ્યા હતા. અંજનપુરા (સમૌ) ગામના નિતિન ભાઉજી ચાવડા, સંજય નારણ પટેલ, મુકેશ રામા કોમ્પ્લક્ષની દુકાન નં -૪ માં ગૃહ ફાઈનાન્સવાળા જીતેન્દ્ર બાબુ પટેલ જુગાર રમાડતો હોવાની બાતમીના આધારે દરોડો પાડી જીતેન્દ્ર પટેલ, રાજેન્દ્ર બાબુ પટેલ, સતિષ રમેશ અને કલ્પેશ બચુ ચૌહાણ મળી પાંચેય વેપારીઓને રૂપીયા દોઢ લાખથી વધુ ની રોકડ તથા મોબાઈલો અને વાહનો મળી કુલ રૂ. ૩.૨૨ લાખના મુદ્દામાલ સાથે મુદ્દામાલ સાથે ધરપકડ કરી લીધી હતી. તો બીજી તરફ ચિલોડા પોલીસે ગઈકાલે દશેલા ગામના ખાંટવાસમાં દરોડો પાડી બે શકુનીઓને પકડ્યા હતા. જયારે વણઝારા, નિલેશ સદા ઠાકોરની ધરપકડ કરી લેવામાં આવી હતી. ચોંકાવનારી વાત તો એ છે કે ચિલોડા પોલીસને આ દરોડામાં પણ જુગારીઓ ચકમો આપીને ભાગી







જુગારના શોખીનો પોલીસની નજર ન પડે એવા સ્થળો શોધી લઈ ત્યાં બોર્ડ બેસાડી દેવા લાગ્યા છે. તો બીજી તરફ જિલ્લાની પોલીસ પણ શ્રાવણીયા જુગારને લઈને ડબલ એકટીવ થઈ ગઈ છે. બે દિવસમાં જિલ્લાની અલગ અલગ પોલીસે પોતાની હદ વિસ્તારમાં ધમધમી રહેલા જુગારના બોર્ડ પર દરોડા પાડી સપાટો બોલાવતા જુગારીઓમાં ફફડાટ ફેલાઈ ગયો છે. પોલીસે ૧૦ અલગ અલગ સ્થળોએ દરોડા પાડી નાના મોટા ૫૮ શકુનીઓને દબોચી લીધા છે. જયારે પોલીસ દરોડામાં ૯ શખ્સો ભાગી છુટવામાં સફળ રહ્યા છે. પોલીસે પકડાયેલા ૫૮ જુગારીઓ પટેલની ટીમે બાતમીને આધારે સઈજ ગામની સીમમાં સોના બાબુ ઠાકોરના ખેતરમાં આવેલી ઓરડી પાસે દરોડો પાડી ખુલ્લેઆમ બાજી માડીને બેઠેલા ૪ શકુનીઓને પકડી પાડ્યા હતા.સઈજ ગામના દેવા શંકર રબારી, સુરેશ દિવાન ઠાકોર, સોના બાબુ ઠાકોર, અને પાલનપુરના લવાણા ગામના સુરેન્દ્ર રામસિંહ વાઘેલાની રોકડ રૂ.૪૧,૨૦૦ના મુદ્દામાલ સાથે ધરપકડ કરી લીધી હતી. જયારે દરોડામાં સઈજ ગામનો જુગારી નરેશ ઉદા ઠાકોર ભાગી છુટવામાં સફળ રહ્યો હતો. તે બીજી તરફ અડાલજ પોલીસે બે દિવસમાં બે દરોડા પાડ્યા હતા. પીઆઈ વાઘેલા, અને રાજુ વરસંગ ઠાકોરની રોકડ રૂ. ૧૭,૬૧૦ ના મુદ્દામાલ સાથે ધરપકડ કરી લીધી હતી. તો બીજી તરફ તેમની સર્વેલન્સ સ્કર્વોડે આજે સુઘડ ગામમાં અગોરા મોલની સામે વણઝારા વાસમાં દરોડો પાડી ખુલ્લેઆમ જુગાર રમી રહેલા ચાર શકુનીઓ પકડી પાડ્યા હતા. સુઘડ ગામના રમણ ગોપા વણજારા, જેતા ભગા વણઝારા, બાબુ નારણ વણઝારા, અને પાટણના પીંપણ ગામે રહેતા મનુ નારણ વણઝારા મળી ચારેયની કુલ રૂ. ૬૦ હજારના મુદ્દામાલ સાથે ધરપકડ કરી લીધી હતી. માણસા પીઆઈ પી.જે.પટેલની ટીમે અંજનપુરા (સમૌ)ગામે પટેલ વાસના નાકે સ્ટ્રીટ પટેલ, મૌલિક પ્રકાશ પટેલ, પ્રફુલ ભીખા પટેલ, કલ્પેશ ડાહ્યા પટેલ, અમરત મફત પટેલ, પ્રકાશ ગોપાળ પટેલ, પ્રકાશ હરજીવન પટેલ, હાર્દિક અશોક પટેલ, તુષાર અશોક પટેલ, જયેશ ગોંવિદ પટેલ, પ્રકાશ અંબાલાલ પટેલ, સંજય ભગાજી ચાવડા, લાલસિંહ દશરથસિંહ ચાવડા, રવિરાજ સંદિપસિંહ ચાવડા, ભરત પ્રેમાજી ઠાકોર, મુકેશ મનસુખ ઠાકોર અને વશરામ પ્રેમજી ઠાકોર મળી ૧૯ શકુનીઓને રોકડ તેમજ મોબાઈલ મળીને કુલ રૂ. ૬૬ હજારના મુદ્દામાલ સાથે પકડી પાડવામાં આવ્યા હતા. જયારે કલોલ શહેર પોલીસની ટીમે અંબિકા બસ સ્ટેન્ડ પાસે શ્રી હરી પટેલ, પ્રગ્નેશ રમણ પટેલ, પરેશ કાન્તિ પટેલ અને મનિષ બળદેવ પટેલ મળીને છ શખ્સોને રૂ. ૭ લાખના મુદ્દામાલ સાથે પકડી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. જયારે ઈન્ફોસીટી પીઆઈ કે.કે.દેસાઈની ટીમે ગઈકાલે બાતમીના આધારે ભાઈજી પુરા ચોકડી નજીક સર્વિસ રોડ પર આવેલા ગુજરાત ગાર્મેન્ટ ઝોનના સી-૩ રીંકુ ક્રીએશનના સીંગલ બાંધકામવાળા ધાબા પર દરોડો પાડી બિન્દાસ્ત જુગાર રમી રહેલા ૫ વેપારીઓને પકડી પાડ્યા હતા. અમદાવાદના નિખિલ ઘનશ્યામ ઠક્કર, નરેશ ધુળા શાહ, સંજય જયંતિ પટેલ, જીનેશ જીતેન્દ્ર શાહ પકડી પાડ્યા હતા. દહેગામ પોલીસે લવાડ ગામના જીંડવા તળાવ પાસે દરોડો પાડી ભીખુ જાલમસિંહ ચૌહાણ, દિલિપ ફતેસિંહ ચૌહાણ, મુળસિંહ વજેસિંહ ચૌહાણ, અશોક બાલુસિંહ ચૌહાણ અને મહેન્દ્ર હરીસિંહ ચૌહાણ મળી પાંચેય આરોપીઓની રૂ. ૩૧૭૦ ના મુદ્દામાલ સાથે ધરપકડ કરી લીધી હતી. તો બીજી તરફ દહેગામ પોલીસે જ ઘમીજ ગામે દરોડો પાડી જીતેન્દ્ર રૂપસિંહ રાઠોડ, મહેન્દ્ર જશંવત રાઠોડ, મહેશ અમરસિંહ ચાવડા, મહેશ માંગલાલ પ્રજાપતિ, દીનાજી સુરસંગજી ઠાકોર મળીને પાંચેયની કુલ રૂ. ૩.૫૯ લાખના આ દરોડોમાં પાંચ જુગારીઓ ચિલોડા પોલીસની આખી ટીમને ચકમો આપી ફરાર થઈ જવામાં સફળ રહ્યા હતા. પોલીસે જીગ્નેશ વિક્રમ ઠાકોર અને શૈલેષ જવાન ઠાકોરની રૂ. ૭૨૦ના મુદ્દામાલ સાથે ધરપકડ કરીને ફરાર થઈ ગયેલા કિશન કાંતિ ઠાકોર, કિશન સુરેશ ઠાકોર, રાહુલ પ્રહલાદ ઠાકોર, મહેશ કચરા ઠાકોર અને કરણ અમરત ઠાકોરની ધરપકડ માટે કવાયત શરુ કરી છે. જયારે ચિલોડા પોલીસે છાલા ગામમાં પણ દરોડો પાડી સ્મશાનમાં જુગાર રમી રહેલા ૩ ને દબોચી લીધા હતા. રૂ. ૬૧૦ રોકડ મુદ્દામાલ સાથે ભેમા નટવર રાવળ, બાબુ સરલા ગયા હતા અને પોલીસ લમણે હાથ દઈને બેસી રહી ગઈ હતી.

આ દરોડામાં ફરાર થઈ ગયેલા રોહિત ખોડા ઠાકોર, રાકેશ ઉમેશ ઠાકોર, અને ભુરા ઉર્ફે ભુરો મારવાડીને પકડી પાડવા ચક્રો દોડાવ્યા છે. આમ જિલ્લાની અલગ અલગ પોલીસની ટીમોએ આઠમને ગણતરીના કલાકો બાકી છે ત્યારે અલગ અલગ ૧૦ અડ્ડાઓ પર દરોડા પાડી રૂ. ૧૫.૭૦ લાખના મુદ્દામાલ સાથે ૫૮ જુગારીઓને પકડી પાડ્યા છે. જેમાં ૯ જુગારીઓ ભાગી છુટવામાં સફળ રહ્યા છે તેમને પકડવામાં પણ પોલીસે કમરકસી છે.

## શિહોલી મોટી ખાતે હાર્દિક પટેલના સમર્થનમાં પ્રતિક ઉપવાસ

ચિલોડા, તા. ૨

પાસ કન્વીનર હાર્દિક પટેલના આમરણાંત ઉપવાસને નવમા દિવસે તેને સમર્થન આપવા ગુજરાત સહિત વિવિધ જિલ્લા-તાલુકાના જાખોરા, ચંદ્રાલા, લવારપુર ગામે પાટીદાર સમાજ દ્વારા એક દિવસના પ્રતિક ઉપવાસમાં જોડાયા હતા. રોજબરોજ જુદા જુદા ગામોમાં યુવકો સવારે આઠથી સાંજના પાંચ કલાક સુધી એક દિવસના પ્રતિક ઉપવાસ પર બેઠા હતા.

હાર્દિક પટેલના આંદોલનને પ્રતિક ઉપવાસ દ્વારા




તાલુકા તથા ગ્રામ્યકક્ષાએ પાટીદાર યુવકો, મહિલાઓ, ખેડૂતો દ્વારા અનામતની માંગ અને ખેડૂતોના દેવા નાબુદીના માંગને પ્રતિક ઉપવાસ, રામધૂન, માથે મુંડન, ભતન-કિર્તન દ્વારા લોકસમર્થન મળી રહ્યું છે. ત્યારે ગાંધીનગર પાસની સફેદ લખાણવાળી ટોપી ધારણ કરી પ્રતિક ઉપવાસમાં ઉતરી રહ્યા છે.

આજે ચિલોડા નજીક આવેલ ચિલોડા-હિંમતનગર રોડ પર આવેલ શિહોલી મોટી સીમમાં એક ફાર્મહાઉસ પર ગામના પાટીદાર પુરેપુરૂ સમર્થન આપવા કટીબદ્ધતિ વ્યક્ત કરી હતી. આ કાર્યક્રમમાં ગામના ૫૦થી વધુ પાટીદાર કાર્યકરો માથે સફેદ પાસની ટોપી ધારણ કરી શિસ્તબદ્ધ રીતો આંદોલનને સંપુર્ણ સમર્થન જાહેર કર્યો હતો.

## મુનિશ્રી તરૂણસાગરજીને વિનયાંજલી

દિંગબર જૈન સમાજ, ગાંધીનગર દ્વારા આચાર્યશ્રી સુનીલસાગરજી મહારાજના સાનિધ્યમાં રાષ્ટ્રસંત મુનીશ્રી તરૂણસાગરજી મહારાજની પ્રાર્થના સભા તેમજ વિનયાંજલીનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. વિશેષ મહેમાન તરીકે બ્રહ્માકુમારીઝના કૈલાસદીદી અને પંચદેવ મંદિરના ધર્માચાર્ય ફુલશંકર શાસ્ત્રીજી ઉપસ્થિત રહ્યા હતા. કૈલાસદીદીએ મુનિશ્રી તરૂણસાગરજીને વિનયાંજલિ અર્પણ કરી જણાવ્યુ હતુ કે મુનિશ્રીના પ્રવચનો સત્ય આધારીત હતા. તેમને પ્રવચનો દ્વારા સમાજને શ્રેષ્ઠ માર્ગ પુરો પાડ્યો છે. મુનિશ્રી સંસ્કારથી ગયા નથી તેમણે તો ઈચ્છાથી દેહત્યાગ કર્યો છે.



ફુલશંકર શાસ્ત્રીજીએ જણાવ્યુ હતુ કે વ્યક્તિ કેટલો જીવ્યો તે મહત્વનું નથી કેવી રીતે જીવ્યો તે મહત્વનું છે. લાંબી આયુષ્ય ધરાવતો બાવળ લઘૂ આયુષ્ય ધરાવતો કમળની ટીકા કરે છે પરંતુ બાવળ દીર્ઘ આયુષ્ય ધરાવતો હોવા છતાં કાંટાળો હોય છે અને છાયા પણ આપી શકતો નથી, તેના પુણ્યો પણ કામના નથી જ્યારે કમળના પુણ્યો પ્રભુના ચરણોમાં અર્પિત કરવામાં આવે છે. આમ કમળનું મહત્વ વધારે છે. તેમને વધુમાં જણાવ્યુ હતુ કે ત્રણ વ્યક્તિઓ ડૉક્ટર, મંત્રી અને ગુરૂ જો કડવુ ન બોલે તો સમાજમાં અનર્થ થાય છે. મુનિશ્રી તરૂણસાગરજી કડવુ બોલી સમાજ સુધારતા ગયા.

આચાર્યશ્રી સુનીલસાગરજીએ મુનિશ્રી તરૂણસાગરજીના વિનયાંજલિ અર્પિત કરતા જણાવ્યુ કે જો ઓપરેશન સે દિલકો બદલે ઉસે ડાકટર કહેતે હે જો લેકચર સુનાકર વિચારો કો બદલે ઉસે કાઉન્સલર કહેતે હે ઔર જો પ્રવચન સુનાકર લોગો કો બદલે ઉસે તરૂણસાગરજી કહેતે હૈ. કડવા પ્રવચનોના માધ્યમથી મુનિશ્રી તરૂણસાગરજી લોકોના દિલમાં જગ્યા બનાવી સમાજ પરિવાર તેમજ રાજનિતિને કેન્દ્રમાં રાખી પ્રવચનોથી તે લોગોના પસંદીધ બન્યા. પરંતુ જ્યારે શરીરે સાથ આપવાનું બંધ કર્યુ ત્યારે તેમને ભોજન ત્યાગ કરી સન્લેખનાનો પથ અપનાવ્યો અને સમાધિમરણ પામ્યા. દરેક વ્યક્તિનો અંત મૃત્યુ છે. શરીર સાસ્વત નથી અને તેનો ખ્યાલ સ્મશાનઘાટ પર આવે છે. ઘણી વ્યક્તિઓને પોતાના રૂપ અને શરીર પર ઘમંડ હોય છે.

## બેંકિંગ ક્ષેત્રમાં બેંકોનું વિલીનીકરણ ઈજારો પેદા કરશે : હેમંત શાહ

ગાંધીનગર, તા. ૨

બેંકિંગ ક્ષેત્ર દ્વારા ગ્રામીણ ક્ષેત્રોને સાંકળવામાં જે ઉદાસીનતા દાખવવામાં આવી રહી છે તે ચિંતાજનક છે. ગ્રામીણ વિસ્તારમાં સહકારી બેન્કો જ છે તેમ છતાં સરકાર ખાનગી અને તે પણ વિદેશી બેંકો વધુ મજબુત બને તેવા જ વહીવટીય પ્રયાસો કરી રહી છે તેમ જાણીતા અર્થશાસ્ત્રી હેમંતભાઈ શાહે આજે ઉચ્ચાર્યા હતા.

નગરપાલિકા ભવન ખાતે બેંકિંગ ક્ષેત્ર અને ગ્રાહક સુરક્ષા વિષય પર દેશના ગ્રાહક મહામંડળ સીસીઆઈ દ્વારા યોજાયેલ રાષ્ટ્રીય કાર્યશાળા યોજાઈ હતી.

હેમંતભાઈએ તેમના પ્રવચનમાં સરકાર દ્વારા બેંકોનું વિલીનીકરણ કરીને મોટી બેન્કો રચવા માગે છે જે ઈજારા પેદા કરશે અને ગ્રાહકોનું શોષણ વધારે કરશે તેવો ભય તેમણે વ્યક્ત કર્યો હતો.

બેંકીંગ ક્ષેત્રમાં વૈશ્વીકરણ અને ટેકનોલોજીના કારણે મોટા ફેરફારો થયા છે પણ ગ્રાહકોનું શોષણ કરવાના રસ્તા શોધવામાં બેન્કો વ્યસ્ત હોવાનું પણ તેમણે કહ્યુ હતુ.

સરકારી બેંકો નબળી પડે અને વિદેશી તથા ખાનગી બેંકો મજબુત બને એના કાવતરા સરકાર પોતે જ કરી રહી હોવાનુ જણાવી તેમણે દાખલો ટાંકતા કહ્યુ હતુ કે ગુજરાતમાં ઘણા વિસ્તારોમાં અધ્યાપકોને પગાર ખાનગી બેન્ક દ્વારા જ કરવામાં આવે છે એટલે કે સરકારને સરકારી બેંક ગમતી નથી.

તેમણે બેંકિંગ ક્ષેત્રમાં પારદર્શિતા અને ઉત્તરદાયિત્વનો અભાવ છે. એન.પી.એ. કેટલી છે એના વિશે જ રિઝર્વ બેંક અને બેંકિંગ ક્ષેત્ર લોકોને સાચી માહિતી આપતાં નથી. સમગ્ર બેંકિંગ ક્ષેત્રે ગ્રાહકોનો વિશ્વાસ ડગમગ્યો નથી પણ ગુમાવી દીધો છે એ કહેવુ પણ અતિશયોક્તીપૂર્ણ નથી.

## જિલ્લાકક્ષાની નવરાત્રિ રાસ ગરબા સ્પર્ધાના ફોર્મ ૨૦મી સુધી ભરી શકાશે

ગાંધીનગર, તા. ૨

કમિશનરશ્રી યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, ગાંધીનગર દ્વારા પ્રેરિત જિલ્લા રમતગમત અધિકારીની કચેરી, ગાંધીનગર દ્વારા ગાંધીનગર શહેર અને ગાંધીનગર ગ્રામ્યની જિલ્લાકક્ષા નવરાત્રિ રાસ ગરબા સ્પર્ધા કાર્યક્રમ-૨૦૧૮ નું આયોજન આગામી દિવસોમાં કરવામાં આવનાર છે. આ નવરાત્રિ રાસ ગરબા સ્પર્ધામાં ભાગ લેવા માંગતી સંસ્થાઓએ જિલ્લા રમતગમત અધિકારીની કચેરી, સી-વિંગ, છઠ્ઠો માળ, સહયોગ સંકુલ, સેકટર-૧૧, ગાંધીનગર ખાતેથી કચેરી સમય દરમ્યાન ફોર્મ મેળવવાના રહેશે. આ ફોર્મ ભરીને તા. ૨૦મી સપ્ટેમ્બર, ૨૦૧૮ સુધીમાં જમા કરાવી શકાશે. આ સ્પર્ધાની તારીખ, સમય, સ્થળ એન્ટ્રી આવ્યા પછી જાણ કરવામાં આવશે.

# હાર્દિકને મળવા પાટીદાર યુવાનો ઉમટ્યા

### હાર્દિકને મળવા પરેશ ધાનાણી પહોંચ્યા ત્યારે પોલીસ દ્વારા હળવો લાઠીચાર્જ : બિહારના પૂર્વ મુખ્યપ્રધાન જીતનરામ માંઝીએ પણ હાર્દિકની મુલાકાત લીધી સરકાર પાપ કરી રહી છે, તે ભોગવવુ જ પડશે : માંઝીએ આપેલી પ્રતિક્રિયા

અમદાવાદ, તા.૨

શ્રાવણમાં તહેવારો ચાલી રહ્યા છે અને ભક્તિમય માહોલ ચાલી રહ્યા છે તેવા સમયે હાર્દિક પટેલના આમરણાંત ઉપવાસનો આજે નવમો દિવસ છે ત્યારે બિહારના પૂર્વ મુખ્યમંત્રી જીતનરામ માંઝી આજે હાર્દિકને મળવા પહોંચ્યા હતા. હાર્દિકને મળીને જીતનરામ માંઝીએ જણાવ્યું હતું કે, કોઈપણ સરકાર વિરૂધ્ધ યુવાને અનશન કરવા પડે તે શરમજનક બાબત છે. હાર્દિકના ઉપવાસના સમર્થનમાં એકબાદ એક કોંગ્રેસી નેતા આવી રહ્યા છે ત્યારે આજે તેને મળવા માટે ગુજરાત વિધાનસભામાં વિરોધપક્ષના નેતા એવા પરેશ ધાનાણી, પ્રવકતા ડો.હિમાંશુ પટેલ, એનસીપી નેતા જયંતિ બોસ્કી




સહિતના આગેવાનો પણ પહોંચ્યા હતા અને મુલાકાત કરી હતી. દરમ્યાન આજે બપોર બાદ પોલીસ હાર્દિકને મળવા આવનાર મુલાકાતીઓ પરત્વે કૂણી પડી હતી અને દરેકને રજિસ્ટરમાં એન્ટ્રી કરી મુલાકાતીઓને હાર્દિકને મળવાની મંજૂરી આપતી હતી, જેને લઈ પાટીદાર સમાજ સહિતના લોકોમાં ભારે ખુશીની લાગણી ફેલાઈ ગઈ હતી અને એક તબક્કે હાર્દિકને મળવા માટે મુલાકાતીઓની ગ્રીનવુડ ખાતેથી બેથી ત્રણ કિલોમીટર લાંબી લાઈનો લાગી ગઈ હતી. આ તમામ ઘટનાક્રમ વચ્ચે આજે હાર્દિકની તબિયત ઉપવાસના નવમા દિવસે વધુ લથડી હતી અને તેને ૪૨ કલાકમાં હોસ્પિટલમાં દાખલ કરવો પડે તેવી સ્થિતિની ડોકટરોએ ચીમકી ઉચ્ચારી હતી. જો કે, હાર્દિકે દાખલ થવાનો ધરાર ઈનકાર કર્યો હતો. હાર્દિકને મળ્યા બાદ બિહારના પૂર્વ મુખ્યમંત્રી જીતનરામ માંઝીએ જણાવ્યું હતું કે, કોઈપણ સરકાર વિરૂધ્ધ યુવાને અનશન કરવા પડે તે શરમજનક વાત છે. હું સમજુ છું કે આ સમાજ મૂળ નિવાસી લોકો છે, જે સમાજના વિકાસ માટે કરી રહ્યા છે. જન સંખ્યા આધારે આરક્ષણ છે શૈક્ષણિક રીતે બેકવર્ડ લોકો માટે છે તો ૪૯ ટકા મુજબ આપી શકાય તે લિમિટ યોગ્ય નથી. અન્ય રાજ્યમાં ૭૦ ટકા આરક્ષણ છે. આર્શીવાદ આપું છું કે હાર્દિકે દેશમાં આરક્ષણ માટે એક રસ્તો બતાવ્યો છે. દેશમાં ૫૫ લાખ ખેડૂતો આત્મહત્યા કરે છે. સરકાર પાપ કરી રહી છે તે ભોગવવું પડશે. આ બેદર્દોની સરકાર છે. અગાઉ સામાજિક,ઈકોનોમિક થયેલો સર્વે જમા કરાવ્યો છે તે જાહેર કરે. હાર્દિક પટેલને અમારું સમર્થન છે. દરમ્યાન હાર્દિકનાં હેલ્થ બુલેટિનમાં તેની સ્થિતિ ખૂબ નાજૂક હોવાનું બહાર આવ્યું છે. તેની કિડનીમાં ઈન્ફેકશન વધી રહ્યું છે અને પેશાબમાં રસીનું પ્રમાણ જોવા મળ્યું છે. એસીટોનની માત્રા દિવસેને દિવસે વધી રહી છે. ઈલેક્ટ્રોલાઈટ ઈમબેલેન્સ જોવા મળે છે. હાર્દિક પટેલના આમરણાંત ઉપવાસનો આજે નવમો દિવસ છે. આજે સવારે સોલા સિવિલ હોસ્પિટલના ડો. પ્રવિણ સોલંકી(એમડી મેડિસીન) હાર્દિક પટેલના મેડિકલ ચેકઅપ માટે પહોંચ્યા હતા. હાર્દિકે ઉબકા આવવા અને ચક્કર ચડવાની ફરિયાદ કરી હતી. જો કે, હાર્દિકે હાલ પૂરતા બ્લડ ટેસ્ટ અને યુરિન ટેસ્ટ કરવાની ના પાડી સાંજે કરવા જણાવ્યું હતું.

### હાર્દિકે લેખિતમાં વસિયતનામું કર્યું, નેત્રદાન કરવા માટે ઈચ્છા



પાસના કન્વીનર હાર્દિક પટેલે આમરણાંત ઉપવાસના આજના ૯મા દિવસે લથડેલી તબિયત અને ચિંતાજનક સ્વાસ્થ્યની સ્થિતિ વચ્ચે પોતાનું વસિયતનામું લેખિતમાં જાહેર કર્યું હતું. હાર્દિકે વસિયતનામાના વારસદાર તરીકે તેના માતા-પિતાને જાહેર કરી નેત્રદાન કરવાની ઈચ્છા જાહેર કરી હતી. મોટાભાગનો હિસ્સો પાટીદાર સમાજ અને પાટીદાર અનામત આંદોલન દરમ્યાન શહીદ થયેલા ૧૪ પાટીદારોને આપવા જાહેરાત કરતાં પાટીદાર સમાજમાં હાર્દિકના ઉદાર દિલની ભારોભાર પ્રશંસા થઈ રહી હતી. ડોકટરોએ તેને ૪૨ કલાકમાં હોસ્પિટલમાં દાખલ કરવાની ચેતવણી આપી છે ત્યારે તેણે પોતાનું વસિયતનામું જાહેર કર્યું છે. ઉપવાસ દરમિયાન નિધન થાય તો નેત્રદાન કરવાની ઈચ્છા જાહેર કરી છે. મિલકત સહિતના તેણે તેના પિતા ભરતભાઈ અને માતા ઉષાબેનને વારસદાર તરીકે જાહેર કર્યા છે. તેનું નિધન થાય તો ખાનગી કંપનીના વીમાની રકમ, બેંકમાં જમા રકમમાંથી રૂ.૨૦ હજાર બંનેને અને રૂ.૩૦ હજાર વીરપુરની ગૌશાળામાં અને તેના જીવન આધારિત લખેલી બુકની રોયલ્ટીમાંથી તેના માતાપિતા, બહેન, ૧૪ પાટીદાર શહીદના પરિવારને આપવાની જાહેરાત કરી હતી.